# હાઈડ્રોકલ્ચરથી લાવો ઘરમાં હરિયાળી

એક સુંદર ઈન્ડોર છોડ ઉગાડવા માટે માટીની જરૂર હોતી નથી. કેટલાક છોડ હવા અથવા છાલમાંથી ભેજ અને પોષક તત્ત્વો શોષીને સ્વચ્છ પાણીમાં પણ સરળતાથી ઊગે છે. જેમને માટીની ગંદકી, ભારે કૂંડાં, ફ્લોર પરના ડાઘ અને કૂંડાં બદલવાની ઝંઝટમાંથી છૂટકારો જોઈએ છે તેમના માટે આ હાઈડ્રોકલ્ચર પ્લાન્ટ શ્રેષ્ઠ વિકલ્પ છે. આ વળી હાઈડ્રો કલ્ચર શું છે? હાઈડ્રો કલ્ચરને હાઈડ્રોપોનિક્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એવી પધ્ધતિ છે જેમાં છોડના મૂળને માટીને બદલે પોષક દ્રાવણમાં આંશિક રીતે ડુબાડીને ઉગાડવામાં આવે છે. આ પદ્ધતિમાં છોડને કૂંડામાં કે પોટમાં સીધા રાખવામાં આવે છે અને તેના મૂળ પોષક દ્રાવણમાં બેસે છે. માટી સામાન્ય રીતે સપોર્ટ, પાણી અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે પરંતુ હાઈડ્રોકલ્ચરમાં માટીની જગ્યાએ પાણીમાં રાખવામાં આવેલાં પોષક દ્રાવણનો ઉપયોગ થાય છે.

નાના એપાર્ટમેન્ટ, બાલ્કનીના ખૂણાઓ, વર્ક ડેસ્ક, રસોડાની બારીઓ અને મોડર્ન લીવીંગ રૂમ માટે આ છોડ સરળ અને સ્ટાઈલીશ રહે છે. તેની જાળવણી કરવી સહેલી છે, તેનું પાણી સરળતાથી બદલી શકાય છે અને ગંદા ફ્લોરની ચિંતા કર્યા વિના જગ્યા સુશોભિત કરી શકાય છે. તો હવે, જો તમને તમારા ઘરમાં અને તમારી આસપાસ હરિયાળી અને સુંદરતા જોઈતી હોય તો આ ઈન્ડોર પ્લાન્ટ્સ માટી વિના, ફક્ત પાણીમાં જ ઉગાડી શકો છો.

## મની પ્લાન્ટ

પોથોસ કે જે ભારતમાં સામાન્ય રીતે મની પ્લાન્ટ તરીકે ઓળખાય છે તે તેના હૃદય આકારના પાંદડા માટે જાણીતા છે. મની પ્લાન્ટને ઉગાડવા સરળ છે અને તે ઓછા પ્રકાશમાં ખીલે છે. મોટાભાગે તેને લટકતી ટોપલીઓમાં ઉગાડવામાં આવે છે પરંતુ, તેને પાણીમાં પણ ઉગાડી શકાય છે.

**પાણીમાં કેવી રીતે ઉગાડવા?**

» જ્યાંથી પાંદડા નીકળે તેવી ત્રણ કે ચાર ગાંઠોવાળી વેલ કાપો. નીચેના પાંદડા દૂર કરો અને કટિંગને ફૂલદાની(ફ્લાવર વાઝ)માં ઓછામાં ઓછી એક ગાંઠ પાણીમાં ડૂબે એવી રીતે મૂકો .

» ફૂલદાનીને પરોક્ષ રીતે તડકો મળી રહે તેવી આછા પ્રકાશવાળી જગ્યાએ મૂકો. સંપૂર્ણ અંધારિયા કે સીધા સૂર્ય પ્રકાશવાળી જગ્યા પર મૂકશો નહિ.



» દર એક કે બે અઠવાડિયે પાણી બદલો. જો તમારા વિસ્તારમાં ખારા પાણી આવતાં હોય તો નળના પાણીને આખી રાત સેટલ થવા દો અથવા ફિલ્ટર કરેલું પાણી વાપરો.

» પાંદડાં લીલાંછમ રહે તે માટે દર બે અઠવાડિયે પ્રવાહી ખાતરનાં થોડાં ટીપાં ઉમેરો.

## લકી બામ્બુ:

લકી બામ્બુ એ ખરેખર બામ્બુ નથી પરંતુ એ ડ્રેકૈના છે જે પાણીમાં સારી રીતે ઊગે છે . સામાન્ય રીતે તેની સર્પાકાર દાંડીઓ ફૂલદાની સાથે જ વેચવામાં આવે છે . તેની દાંડીઓને નાના કાંકરીઓવાળા ફૂલદાનમાં પાણી સાથે રાખવામાં આવે છે ત્યારે આ છોડ સારી રીતે ખીલે છે.



**પાણીમાં કેવી રીતે ઉગાડવા?**

» મૂળવાળી સ્વસ્થ દાંડીઓ પસંદ કરો. તેને કાચના ફૂલદાનમાં મૂકો અને તે સીધા રાખવા માટે રંગીન અથવા આરસના નાના પથ્થર મૂકો.

» ફૂલદાનને નીચેનાં પાંદડાં અને મૂળ પાણીમાં ડૂબેલાં રહે એટલા પાણીથી ભરો. આખા થડને ડૂબાડવું નહિ.

» શેવાળ ન થાય તે માટે દર અઠવાડિયે પાણી બદલો. ઉનાળા દરમિયાન અઠવાડિયામાં બે વાર પાણી ઉમેરો કારણ કે તે ઝડપથી બાષ્પીભવન થઇ જાય છે.

» લકી બામ્બુને ફિલ્ટર લાઈટ માફક આવે છે એટલે તેને સીધા સૂર્યપ્રકાશમાં રાખવાનું ટાળો.

## પીસ લીલી:

પીસ લીલીનાં ઘાટાં પાંદડાં અને સફેદ ફૂલો હોય છે. તેનાં પાંદડાં પાણીની સપાટીની ઉપર અને મૂળિયાં પાણીમાં ડૂબેલા રાખવાથી આ છોડનો સારો વિકાસ થાય છે.

**પાણીમાં કેવી રીતે ઉગાડવા?**

» સ્વસ્થ લીલીનો છોડ પસંદ કરો અને તેના મૂળમાંથી માટી હળવેથી દૂર કરો.

» તેને એક સાંકડી ફૂલદાની અથવા બોટલમાં મૂકો જેથી મૂળ પાણીમાં રહે અને પાંદડાંનો ભાગ પાણીની રેખાથી ઉપર રહે.



» ફૂલદાનીને પરોક્ષ સૂર્યપ્રકાશમાં મૂકો. પીસ લીલી સારા પ્રકાશમાં ખીલે છે પરંતુ તે ઓછા સૂર્યપ્રકાશને જ સહન કરી શકે છે.

»મહિનામાં બે વાર પાણી બદલો. જો પાણી વહેલું ડહોળું થઇ જાય તો તરત તેને બદલો. દર મહિને પ્રવાહી ખાતર ઉમેરો.

## ચાઈનીઝ એવરગ્રીન:



ચાઇનીઝ એવરગ્રીન એ સુંદર પેટર્નનાં પાંદડાવાળો ઉષ્ણકટીબંધીય છોડ છે. પાણીમાં સારી રીતે ખીલતો આ છોડ ઘરમાં હરિયાળીનો ઉમેરો કરે છે.

**પાણીમાં કેવી રીતે ઉગાડી શકાય?**

» છોડની હાથ જેટલી લંબાઈની દાંડી લો અને નીચેનાં પાંદડાં દૂર કરો.

» કાપેલા છોડને ઓછામાં ઓછી તેની બે ગાંઠ પાણીમાં ડૂબે તે રીતે ફૂલદાનમાં મૂકો.

» ઉનાળામાં અઠવાડિયામાં બે વાર અને શિયાળામાં અઠવાડિયામાં એક વાર પાણી બદલો.

» દર મહિને થોડું હાઇડ્રોપેનિક ખાતર ઉમેરો.

» તેને પરોક્ષ સૂર્યપ્રકાશમાં મૂકો . સીધો સૂર્યપ્રકાશ તેનાં પાંદડાંનો રંગ ઉડાડી દેશે.




## ઓર્કિડ :

ઓર્કિડ કે જે ફાલેનોપ્સીસ તરીકે પણ ઓળખાય છે, તે પરોપજીવી છોડ હોય છે. ઓર્કિડનાં મૂળ ભેજવાળાં હોય છે અને તે માટીમાં ઊગવાને બદલે ઝાડની છાલ કે અન્ય ટેકા પર જીવી શકે છે. ઓર્કિડને ઉગાડવા માટે તેનાં મૂળ પૂરેપૂરાં પાણીમાં ડૂબવાં જોઈએ નહિ. તેને ઝાડની છાલ પર કે ક્યારેક પલાળીને ઉગાડી શકાય છે.

**પાણીમાં કેવી રીતે ઉગાડી શકાય?**

» ઓર્કિડને તેના કૂંડામાંથી દૂર કરો અને તેનાં મૂળ ચોખ્ખાં કરો.

» છોડને ફૂલદાની ઉપર લટકાવી દો જેથી તેના ફક્ત મૂળ જ પાણીમાં ડૂબેલાં રહે અથવા તેનાં મૂળ પર ભેજ જાળવી રાખવા માટે પાણીની ઉપર છાલના ટુકડા પર મૂકો.

» શુષ્ક હવામાનમાં દરરોજ ખુલ્લા મૂળ પર પાણી છાંટો અને અઠવાડિયામાં એક વાર મૂળને ૧૫ -૨૦ મિનિટ માટે પાણીમાં પલાળી રાખો. રૂમ ટેમ્પરેચરવાળા પાણીનો ઉપયોગ કરો.

» ઓર્કિડને પરોક્ષ સૂર્યપ્રકાશ મળી રહે તેવી જગ્યાએ મૂકો.

## એર પ્લાન્ટ્સ:

એર પ્લાન્ટ્સ ઉષ્ણકટીબંધમાં થતાં છોડ છે જે વૃક્ષ સાથે જોડાયેલાં રહીને વિકસે છે. આ પરોપજીવી છોડને માટીની જરૂર પડતી નથી અને તે તેમનાં પાંદડાં દ્વારા ભેજ અને પોષક તત્ત્વો શોષી લે છે. તેઓ પરોક્ષ પ્રકાશમાં ખીલે છે અને તેમને નિયમિત પાણીનો છંટકાવ કે પલાળીને રાખવાની જરૂર પડે છે.



**પાણીમાં કેવી રીતે ઉગાડી શકાય?**

» ડ્રીફ્ટવુડ, શેલ અથવા લટકતા ડિસ્પ્લે પર એર પ્લાન્ટ્સને મૂકો.

» પરોક્ષ સૂર્યપ્રકાશમાં તેને રાખો. સીધા સૂર્યપ્રકાશથી દૂર રાખો.

» અઠવાડિયામાં એક વાર છોડને રૂમ ટેમ્પરેચરવાળા પાણીમાં લગભગ ૨૦-૩૦ મિનિટ સુધી પલાળી રાખો, પછી વધારાનું પાણી કાઢી નાખો અને તેને ઊંધું સુકાવા દો.

» સૂકી ઋતુમાં અઠવાડિયામાં ૧-૨ વાર તેના પર પાણીનો છંટકાવ પણ કરો.

» ભારતના દરિયાકાંઠા જેવા ભેજવાળા વાતાવરણમાં પાણીનો છંટકાવ વારંવાર કરવાની જરૂર પડતી નથી.

### કેટલીક મહત્ત્વની ટીપ્સ:

» વરસાદની ઋતુમાં બંધિયાર પાણી મચ્છરોના ઉપદ્રવ માટેનું કારણ બને છે. આમ ન થાય તે માટે સાંકડા મોંવાળા જારનો ઉપયોગ કરો, પાણી વારંવાર બદલતા રહો અને લીમડાના તેલનાં થોડાં ટીપાં ઉમેરો.

» ઉકાળેલું કે ફિલ્ટર વોટર વાપરો. ખારા પાણીથી છોડના મૂળ અને પાંદડાં પર ક્ષાર જામી જશે. જો ખારું પાણી હોય તો તેને આખી રાત સેટલ થવા દો અથવા ઉકાળી લો અને ઠંડુ પડે પછી ઉપયોગમાં લો.

» સીધા સૂર્યપ્રકાશથી દૂર રાખો. મોટાભાગના હાઈડ્રોકલ્ચરવાળા છોડ પરોક્ષ સૂર્યપ્રકાશમાં વિકસે છે. બપોરના સીધા તડકામાં તેનાં પાંદડાં કરમાઈ જશે.

» છોડને મજબૂત ટેકો આપો. કાચના વાઝ સરળતાથી પડી શકે છે. તેમને સુરક્ષિત રાખવા માટે મજબૂત પ્લાન્ટ સ્ટેન્ડ અથવા દીવાલ પર લગાવાતા માઉન્ટનો ઉપયોગ કરી શકાય. મેટલ સ્ટેન્ડ અને ટેસ્ટ ટ્યુબ હોલ્ડર્સ ભારતીય બાલ્કની અને ટેરેસ માટે આદર્શ છે.

» નિયમિત ખાતર આપો. માટી વગરના છોડ પોષક તત્ત્વો માટે તમારા પર આધાર રાખે છે. હાઈડ્રોપોનીક કે પ્રવાહી ખાતર ૨-૪ અઠવાડિયે એક વાર આપવામાં આવે તો તે પૂરતું છે.